## <u>ચૌદમી ગુજરાત વિધાનસભા</u>
## <u>બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ</u>
## <u>પહેલો અહેવાલ</u>

હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિની પ્રમુખ, તેના વતી સમિતિનો નીચે મુજબનો પહેલો અહેવાલ રજૂ કરૂં છું.

**સમિતિની બેઠક મંગળવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સભાગૃહની બેઠક પૂર્ણ થયા બાદ** મળી હતી. આ બેઠકમાં **ગુરૂવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯**ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં હાથ ધરવાનાં બિન–સરકારી વિધેયકો માટે સમયની ફાળવણી કરવા અંગે સમિતિએ વિચારણા કરી હતી.

**ગુરૂવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯**ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં હાથ ધરવાનાં નીચે જણાવેલાં બિન–સરકારી વિધેયકો માટે તેની સામે જણાવ્યા મુજબના સમયની ફાળવણી કરવા સમિતિ ભલામણ કરે છે.

| ક્રમ | વિધેયકો | સમય (મિનિટમાં) |
|---|---|---|
| ૧. | માનનીય સભ્યશ્રી અમિતભાઈ ચાવડાનું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૮નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક. | ૩૯ |
| ૨. | માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીનું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૮નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક. | ૩૯ |
| ૩. | માનનીય સભ્ય શ્રીમતી મનિષાબેન વકીલનું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૮નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક. | ૩૯ |
| ૪ | માનનીય સભ્યશ્રી કનુભાઇ દેસાઇનું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક. | આગળના વિધેયકો પૈકી કોઈ એક વિધેયક હાથ ધરવામાં ન આવે તો તેને ફાળવેલો સમય |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
**તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

**શ્રી આર. સી. મકવાણા**
**કાર્યકારી પ્રમુખ,**
**બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.**